પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૭ | ૬ ઓક્ટોબર, ૨૦૧૮, શનિવાર; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઈન્ટરપોલના અધ્યક્ષ લાપતા

ઈન્ટરપોલના ૬૪ વર્ષના અધ્યક્ષ મેંગ હોંગવેઈ લાપતા બન્યા છે. તેઓ ફ્રાન્સથી ચીન જવા રવાના થયા હતા. તેઓ ૨૦૧૬થી ઈન્ટરપોલના અધ્યક્ષ હતા.

### અયોધ્યા મામલે આંદોલનની ચેતવણી

દિલ્હીમાં વિશ્વ હિન્દુ પરિષદની બેઠક યોજાઈ હતી. જેમાં નિર્ણય કરાયો હતો કે રામમંદિર બનાવવા મામલે તેઓ કેન્દ્ર સરકાર પર દબાણ લાવશે. તેઓએ મંદિર માટે અધ્યાદેશની માંગ કરી છે.

### સિમલામાં મોનોરેલ દોડશે

હિમાચલ સરકારે મોનોરેલ દોડાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સ્વિટઝરલેન્ડની એક કંપનીએ મુખ્યમંત્રી જયરામ ઠાકુર સમક્ષ મોનોરેલની પ્રસ્તુતી આપી હતી.

### નોબલનો શાંતિ પુરસ્કાર જાહેર

વિશ્વનો સર્વોચ્ચ નોબલ શાંતિ પુરસ્કારની ઘોષણા થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૮ના નોબલ શાંતિ પુરસ્કાર માટે કોંગોના ડૉ. મુકવેગે અની યજીદી દુષ્કર્મ પીડિતા નાદિયા નુરાદને ચૂંટવામાં આવ્યા છે.

### ભારતીય વાયુસેનાનું વિમાન બાગપત ખેતરમાં ક્રેશ

ભારતીય વાયુસેનાનું એક એરક્રાફટ ઉત્તરપ્રદેશનાં બાગપતમાં ક્રેશ થવાની ઘટના સામે આવી છે. આ વિમાનમાં સવાર બંને પાયલટ સુરક્ષિત છે.

# ભારત-રશિયા વચ્ચે ઐતિહાસિક કરાર

**ભારત-રશિયા વચ્ચે એસ-૪૦૦ ઉપરાંત રેલવે, અવકાશ, પરમાણુ, ફર્ટિલાઈઝર ક્ષેત્રે અબજો ડોલરના કરાર**

**રશિયા માટે મોદીને પુટિનનું આમંત્રણ : મોદી અને વ્લાદીમીર પુટિન વચ્ચે હૈદરાબાદ હાઉસમાં સફળ બેઠક**



નવી દિલ્હી,તા. ૫

ભારતે અમેરિકાની ચેતવણીની અવગણના કરીને આજે ધારણા પ્રમાણે જ રશિયા સાથે ચર્ચાસ્પદ એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ડિલને મંજુરી આપી દીધી હતી. આની સાથે જ કુલ આઠ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશો વચ્ચે સ્પેશ સહિત આઠ સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને સંયુક્ત નિવેદન કરીને આ અંગેની જાહેરાત કરી હતી. આ પ્રસંગે મોદીએ રશિયા સાથે સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાના હેતુસર પુટિનની ભરપૂર પ્રશંસા કરી હતી. મોદીએ કહ્યું હતું કે, પ્રમુખના ડેલિગેશનનું સ્વાગત કરીને ખુબ જ ખુશી થઈ રહી છે. રશિયા સાથે અમારા સંબંધો સર્વોચ્ચ પ્રાથમિકતાવાળા રહ્યા છે. બદલાઈ રહેલા યુગમાં પણ ભારતે રશિયા સાથે હંમેશા વિશ્વાસના સંબંધો જાળવ્યા છે. અમેરિકા તરફથી આ અંગે તીખી પ્રતિક્રિયા આવી શકે છે. મોદીએ કહ્યું હતું કે, આ ખાસ સંબંધો માટે પુટિનની પ્રતિબદ્ધતાથી સંબંધોને ઉર્જા મળશે. મિત્રતા વધુ મજબૂત બનશે. સ્ટ્રેટેજીક પાર્ટનરશીપને નવી ઉંચાઈઓ મળશે. મોદીએ કહ્યું હતું કે, માનવ સંશાધનથી લઈને નેચરલ

● અનુસંધાન પાન-૭ પર

## પોલીસી બેઠકમાં રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત રખાયા

મુંબઈ, તા. ૫

ભારતીય રિઝર્વ બેંકની આજે તેની ચોથી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા (એમપીસી)ની બેઠકના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ધારણાની બિલકુલ વિરુદ્ધ જઈને આરબીઆઈએ રેપોરેટને ૬.૫૦ ટકાના દરે યથાવત રાખ્યા હતા. બીજી બાજુ આરબીઆઈએ જીડીપી ગ્રોથનો અંદાજ પણ ૭.૪ ટકાના દરે યથાવત રાખ્યો હતો. આ પહેલા બે નાણાંકીય નીતિ સમીક્ષામાં રેપોરેટમાં વધારો કરવામાં આવ્યો હતો. રેપોરેટને ૬.૫૦ ટકા અને રિવર્સ રેપોરેટ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા
મુન્નાર-થેકડી
દાર્જીલીંગ
ગંગટોક-પેલીંગ
સિમલા
મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની
વાયનાડ-હસન
ભુતાન
પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ
કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

સ્પે. દિવાળી ડીસ્કાઉન્ટ Air પેકેજ
અમદાવાદ થી ગોવા જતા-આવતા એર ટીકીટ
3 સ્ટાર રીસોર્ટ
બ્રેકફાસ્ટ-ડીનર
GOA
By Air
19500
3 Night
4 Days
નવેમ્બર : ૪ થી ૨૫ દરરોજ ઉપડશે.
શિવ ટ્રાવેલ્સ
સી.જી.રોડ
અમદાવાદ
93746 31852
76006 55134

# શેરબજારમાં બ્લેક ફ્રાઈડે

**સેંસેક્સ ૭૯૨ પોઇન્ટ ગગડ્યો : ત્રણ જ દિવસમાં સેંસેક્સમાં ૨૧૪૯ પોઇન્ટનો રેકોર્ડ કડાકો : ક્રૂડની વધતી કિંમત, ડોલર સામે રૂપિયામાં ઘટાડો અને બોન્ડ યિલ્ડમાં વધારો થવાના પરિણામે મૂડીરોકાણકારો અને શેરબજાર સતત ત્રીજા દિવસે હચમચ્યા**

મુંબઈ,તા. ૫

શેરબજાર આજે ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું. સતત ત્રીજા દિવસે ઘટાડાનો દોર જારી રહ્યો હતો. શુક્રવારના દિવસે પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ બજારમાં હાહાકાર મચાવ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજના ૩૦ શેર સેંસેક્સમાં ૭૯૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ સેંસેક્સ ૨.૨૫ ટકા અથવા તો ૭૯૨ પોઈન્ટ ઘટીને ૩૪૩૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટી ૨૮૩ પોઈન્ટ ઘટીને અથવા તો ૨.૬૭ ટકા ઘટીને ૧૦૩૧૬ની સપાટીએ રહ્યો હતો. વેચવાલીનો અંદાજ આનાથી લગાવી શકાય છે કે, બીએસઈમાં લિસ્ટેડ ૭૦.૧૨ ટકા એટલે કે ૧૯૫૦ શેર ઘટીને બંધ રહ્યા હતા. માત્ર ૨૫.૨૧ ટકા અથવા તો ૭૦૧ શેર તેજીમાં રહ્યા હતા. એનએસઈમાં ૧૩૫૯ શેર મંદીમાં રહ્યા હતા અને ૪૦૨ શેર તેજીમાં રહ્યા હતા. સેંસેક્સમાં ૩૧ શેર પૈકી માત્ર ચાર શેર તેજી રહ્યા હતા. ૨૭ શેરમાં ઘટાડો થયો હતો. નિફ્ટીના ૪૨ શેર મંદીમાં રહ્યા હતા. માત્ર આઠ શેર તેજીમાં રહ્યા હતા. ક્રૂડની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. રૂપિયામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં રોકાણકારોમાં ભાગદોડ મચી ગઈ છે. શેરબજાર આજે સતત ત્રીજા દિવસે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. દલાલ સ્ટ્રીટ જુદા જુદા પરિબળોના કારણે હચમચી ઉઠતા કોર્પોરેટ જગતમાં

● અનુસંધાન પાન-૭ પર

SIDDHRAJ
INFRA PVT. LTD

FIND CONCURRENCE, TRANQUILLITY AND YOURSELF...




SAMPLE APARTMENT READY
visit by appointment only...

SIDDHRAJ Z+
A TROPICAL EXPERIENCE

The Property Shop

6 Rooms Premium Living | Nr. Sargasan Cross Roads, Gandhinagar | Call: +91 97251 07999
RERA Registration No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00869/301117, www.gujrera.gujarat.gov.in